ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ચરોતરમિત્ર



# બોરસદમાં ૪૦થી વધુ આંગણવાડી કેન્દ્રોમાં વર્ષોથી પાણી-શૌચાલય સુવિધાનો અભાવ

**વર્ષો જુનાં શૌચાલય**
બિનઉપયોગી બની ગયાં, રજૂઆતો છતાં કાર્યવાહી માટે બેદરકારી

(પ્રતિનિધિ) બોરસદ તા ૨૪
બોરસદ તાલુકાના વિવિધ ગામોની ૪૦ કરતાં વધુ આંગણવાડી કેન્દ્રમાં વર્ષોથી પીવાના પાણી અને શૌચાલયની મૂળભૂત સુવિધા ન હોવાને કારણે નાનાં બાળકોને તેમજ ફરજ બજાવતા કર્મચારીઓને ઘણી મુશ્કેલી પડી રહી છે. આંગણવાડી કેન્દ્રોમાં પાણીનું જોડાણ પણ ઉપલબ્ધ હોતા નથી. પાણીની ટાંકી પણ તૂટેલી હાલતમાં છે.

આંગણવાડી કેન્દ્રોમાં દરરોજ ૫ વર્ષ સુધીની ઉંમરના બાળકો આવતા હોય છે. રોજે રોજ નિયમિત સંખ્યામાં બાળકો હાજર રહે છે. નિયમિત સંખ્યામાં નાના બાળકો આવતાં હોવા છતાં પાણીની વ્યવસ્થા ન હોવાને કારણે સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત જોખમ વધ્યું છે. કેન્દ્રોમાં શૌચાલય અને નળની વ્યવસ્થા હોય છે. પરંતુ પાણી ન હોવાથી શૌચાલયનો ઉપયોગ થઈ શકતો નથી. શૌચાલય માટે જરૂરી વ્યવસ્થા અંગે સ્થાનિક આગેવાનોએ ગ્રામસભામાં પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. સ્થાનિકો કહે છે કે પાણીના અભાવે બાળકોને ખુલ્લામાં શૌચક્રિયા કરવાની ફરજ પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.



સ્થાનિક વિસ્તારમાં વસવાટ કરતા ગ્રામજનો અને વાલીઓનું કહેવું છે કે સરકાર આંગણવાડી કેન્દ્રની સ્થિતિ દાવાઓ સામે વિસંગતતા દર્શાવે છે. તેઓએ કેન્દ્રોમાં સ્વચ્છ અને સુરક્ષિત વાતાવરણની વાત કરે છે. પરંતુ સત્ય સ્થળ સ્થિતિ મુજબ વિપરીત હોય છે. મોટાભાગના આંગણવાડી કેન્દ્રો પાસે બોર, મોટર, નળ અને શૌચાલય હોવા છતાં પાણીનું જોડાણ નથી. કાર્યરત ટાંકી હોતી નથી. સ્થાનિકો દ્વારા આઈસીડીએસ તંત્રની કામગીરી પર પણ સવાલ ઉઠાવવામાં આવ્યા છે. સમસ્યા લાંબા સમયથી હોવા છતાં જવાબદાર અધિકારીઓને જાણ નથી. કદાચ જાણ હોવા છતાં કાર્યવાહી કરવામાં આવી નથી. તે અંગે બેદરકારી રાખવામાં આવી છે.

વાલીઓ અને ગ્રામજનોની માંગ છે કે દરેક કેન્દ્રની તાત્કાલિક સ્થળ તપાસ કરવામાં આવે. તૂટેલી પાણીની ટાંકી બદલી દેવામાં આવે. બોર અને મોટરને નિયમિત પાણીના કનેક્શન સાથે કાર્યરત કરવામાં આવે. શૌચાલય માટે વ્યવસ્થા કરવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.

# આણંદનાં સિમરનની રાજ્યની ટી20 ટીમના કેપ્ટન તરીકે પસંદગી

**બીસીસીઆઈ**
સિનિયર મહિલા ટી20 ટુર્નામેન્ટ માટે સિમરન પટેલને કમાન સોંપાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૪
આણંદ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનનું છેલ્લા 12 વર્ષથી પ્રતિનિધિત્વ કરતી અને છેલ્લા 9 વર્ષથી ગુજરાતની મહિલા ક્રિકેટ ટીમમાં રમત કૌશલ્યનો પરિચય આપતી આણંદની પ્રતિભાશાળી ક્રિકેટર સિમરન પટેલની BCCI સિનિયર મહિલા T-20 ટુર્નામેન્ટની 2026-27ની સિઝન માટે ગુજરાતની ટીમના કેપ્ટન તરીકે પસંદગી કરવામાં આવી છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિથી આણંદ સહિત સમગ્ર ગુજરાતના



ક્રિકેટ જગતમાં આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરી છે.

બીસીસીઆઈ સિનિયર મહિલાની વર્ષ 2026-27માં યોજાનારી ટી20 ઈન્ટર-સ્ટેટ ટુર્નામેન્ટમાં સિમરન પટેલ ગુજરાતની ટીમનું નેતૃત્વ કરશે. છેલ્લા 12 વર્ષથી આણંદ એસોસિએશનનું પ્રતિનિધિત્વ કરી પોતાની શિસ્ત, મહેનત અને નિષ્ઠા સાબિત કરનાર સિમરન પટેલ માટે કેપ્ટનપદની આ જવાબદારી તેમની ક્રિકેટ કારકિર્દીનું મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. તેમની આ પસંદગી આણંદ જિલ્લાના તમામ ખેલાડીઓ, હોદ્દેદારો અને નાગરિકો માટે ગૌરવની બાબત છે.

આ પ્રસંગે આણંદ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ વિજયભાઈ પટેલ તથા મંત્રી શ્વેતલ પટેલે સિમરન પટેલને હાર્દિક અભિનંદન પાઠવી આગામી ટુર્નામેન્ટમાં સફળતા માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આણંદની દીકરીઓની આ સિદ્ધિ અન્ય યુવા મહિલા ક્રિકેટરો માટે પ્રેરણારૂપ બનશે. એસોસિએશન તરફથી સિમરન પટેલને આગળ વધવા માટે જરૂરી તમામ સહકાર અને માર્ગદર્શન આપવાની ખાતરી પણ આપવામાં આવી હતી.

# જંત્રાલમાં આજે ૨૧મો શરદ પૂર્ણિમા ઉત્સવ ને લોકમેળો

**શ્રી લાડું ઝાંપડી**
માતાજીના પ્રાગટ્ય દિવસ નિમિત્તે ભવ્ય ધાર્મિક મહોત્સવ

(પ્રતિનિધિ) આણંદ તા ૨૪
બોરસદના જંત્રાલ ગામે આવેલા શ્રીલાડું ઝાંપડી માતાજીના મંદિર પરિસરમાં માતાજીના પ્રાગટ્ય દિવસ નિમિત્તે ભવ્ય ધાર્મિક મહોત્સવનું અને ૨૧મા શરદ પૂર્ણિમાના પાવન અવસરે લોકમેળા સહિત વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૨૫મીના રોજ યોજાનારા આ મહોત્સવને લઈને જંત્રાલ તેમજ આસપાસના ૧૦થી વધુ ગામોના શ્રદ્ધાળુઓમા ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

શરદ પૂર્ણિમાના પવિત્ર પર્વે યોજાનારા આ મહોત્સવમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકીના હસ્તે લોકમેળાને ખુલ્લો મૂકવામાં આવશે. મહોત્સવ અંતર્ગત રાત્રે ૧૦ વાગ્યે માતાજીના પ્રાગટ્ય દિવસની ઉજવણી નિમિત્તે ભવ્ય આતશબાજીનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ ભવ્ય રાસ-ગરબાનું આયોજન થશે, જેમાં માતાજીના ભક્તો ભક્તિભાવપૂર્વક ગરબે ઘૂમશે. રાત્રે ૧૨ વાગ્યે માતાજીની મહાઆરતી યોજાશે. માતાજીના જયઘોષ, ભક્તિ સંગીત અને દિવ્ય આરતીના માહોલથી મંદિર પરિસર ભક્તિમય બની રહેશે.

આ પાવન મહોત્સવમાં તમામ ભાવિક ભક્તજનોને પરિવાર સહિત ઉપસ્થિત રહી માતાજીનાં દિવ્ય દર્શન, લોકમેળા, રાસ-ગરબા અને મહાઆરતીનો લાભ લેવા આમંત્રણ પાઠવાયું છે.

**નવા કાર્ડ કઢાવવા તથા રિન્યુઅલની કામગીરી અટકતા દર્દીઓ પરેશાની ભોગવવા મજબૂર**

# સંતરામપુર નગરની સ્ટેટ હોસ્પિટલમાં આયુષ્માન કાર્ડ સેવા ઠપ થતાં હાલાકી

**ઓપરેટર વગર ૬-૭**
મહિનાથી ગરીબ-મધ્યમ વર્ગના દર્દીઓ બેહાલ

(પ્રતિનિધિ) સંતરામપુર તા.23
મહીસાગર જિલ્લાના સંતરામપુર સ્થિત સિવિલ હોસ્પિટલમાં આયુષ્માન ભારત યોજના અંતર્ગત નવા આયુષ્માન કાર્ડ કઢાવવા તથા કાર્ડ રિન્યુ કરાવવાની કામગીરી છેલ્લા ૬ થી ૭ મહિનાથી ખોરંભે પડી છે. અગાઉ ફરજ બજાવતા ઓપરેટરને છૂટા કર્યા બાદ આજદિન સુધી નવા ઓપરેટરની નિમણૂક ન કરાતા




સંતરામપુર અર્બન વિસ્તાર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારની જનતા ભારે હાલાકીનો સામનો કરી રહી છે.

આયુષ્માન કાર્ડ ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે આરોગ્ય સેવાઓ મેળવવામાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પરંતુ સંતરામપુર હોસ્પિટલમાં ઓપરેટરના અભાવે નવા કાર્ડ બનતા નથી તેમજ જૂના કાર્ડ રિન્યુ પણ થઈ શકતા નથી. પરિવારમાં અચાનક કોઈ ગંભીર બીમારી કે ઈમરજન્સી સારવારની જરૂરિયાત ઊભી થાય તેવા સમયે કાર્ડ ઉપલબ્ધ ન હોય અથવા રિન્યુ કરવાનું બાકી રહી ગયું હોય તો ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને આર્થિક તેમજ માનસિક યાતના ભોગવવાનો વારો આવ્યો છે.

આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા સંતરામપુર સિવિલ હોસ્પિટલની તાત્કાલિક મુલાકાત લઈને સમગ્ર પરિસ્થિતિની તપાસ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. સંતરામપુર અને આસપાસના ગામડાઓના લોકોને સરળતાથી યોજનાનો લાભ મળે તે માટે વહેલી તકે કાયમી ઓપરેટરની નિમણૂક કરી આ લોકોપયોગી સેવા પુનઃ શરૂ કરવામાં આવે તેવી સ્થાનિક પ્રજાજનોમાં ઉગ્ર માંગણી ઉઠી છે.

# દેશનું લોકતંત્ર ભીડથી નહીં વિશ્વાસ પર ટકેલું છે : સાંસદ

**વિપક્ષ અરાજકતા**
ફેલાવવાનો પ્રયાસ કરતાં હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૪
દેશનું લોકતંત્ર કોઈ રાજકીય પક્ષની ગીરો કે ભીડની દયા પર ટકેલું નથી, પરંતુ ૧૪૦ કરોડ નાગરિકોના વિશ્વાસ અને બંધારણની મજબૂત પાયાની વ્યવસ્થા પર ઊભું છે. મતદાન દ્વારા જનતા દ્વારા વારંવાર નકારવામાં આવેલો વિપક્ષ હવે હારની હતાશામાં શેરીઓ પર ઊતરીને 'વાટે ચોરી'ના નારા લગાવી અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. તેમ આણંદ સાંસદ મિતેશભાઈ પટેલ (બકાભાઈ)એ જણાવ્યુ હતું.

મતદાર યાદીના સઘન પુનરીક્ષણનો મુખ્ય હેતુ મૃત, વિસ્થાપિત કે બોગસ નામો દૂર કરીને સાચા મતદારોના અધિકારોનું રક્ષણ કરવાનો છે. વિપક્ષ જે રાજ્યોમાં જીતે છે ત્યાં ચૂંટણી પ્રણાલી અને ઈવીએમને સાચાં માને છે અને જ્યાં હારે છે ત્યાં ગેરરીતિના આક્ષેપો કરે છે. જો કોઈ ગેરરીતિના પુરાવા હોય તો અદાલત અને ચૂંટણી પંચના દરવાજા ખુલ્લા છે, પરંતુ પુરાવા વિના રસ્તા રોકીને અવિશ્વાસ ઊભો કરવો એ બેજવાબદાર રાજકારણ છે. વિપક્ષ પાસે કોઈ સ્પષ્ટ નીતિ, વિકાસનો રોડમેપ કે સર્વસ્વીકૃત નેતૃત્વ નથી. બીજી તરફ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ડિજિટલ ઈન્ડિયા, સીધા લાભ હસ્તાંતરણ, જન ધન, ઉજ્જવલા, આયુષ્માન ભારત અને હર ઘર નળ જેવી યોજનાઓ દ્વારા વચેટિયા કે ભ્રષ્ટાચાર વગર છેવાડાના ગરીબ માનવી સુધી લોકશાહીના સાચા અધિકારો પહોંચાડવામાં આવ્યા છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદના વલાસણ ગામમાં 'સેવાસેતુ' કાર્યક્રમમાં સરકારી યોજનાઓનો લાભ અપાયો



**આણંદ |** ગુજરાત સરકારના પ્રજાભિમુખ અભિગમ અંતર્ગત આણંદ તાલુકાના વલાસણ ગામ ખાતે ગ્રામજનો અને અધિકારીઓની ઉપસ્થિતિમાં 'સેવાસેતુ' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામજનોને ઘરઆંગણે જ વિવિધ સરકારી યોજનાઓ અને વહીવટી સેવાઓનો સીધો લાભ પૂરો પાડવાનો હતો. આ પ્રસંગે આણંદના તાલુકા વિકાસ અધિકારી તેમજ આણંદ જિલ્લા પંચાયતના સભ્ય મહેન્દ્રભાઈ જશભાઈ વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની વિધિવત શરૂઆત કરવામાં આવી હતી.

### આણંદના વિવેકાનંદ નગરમાં રંગેચંગે નવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવ્યો



**આણંદ |** આણંદના વિદ્યાનગર રોડ સ્થિત ટાઉન હોલ પાસે આવેલી વિવેકાનંદ નગર સોસાયટીના કોમન પ્લોટના મંદિર પરિસરમાં ભક્તિભાવપૂર્વક નવરાત્રી મહોત્સવની ઉજવણી થઈ રહી છે. આ ઉત્સવનું આયોજન 'શ્રી કૃષ્ણ મહિલા ભજન મંડળ' દ્વારા કરવામાં આવ્યું છે. સોસાયટી તેમજ આસપાસના ફ્લેટ્સના રહીશો દરરોજ માતાજીને નિત નવો પ્રસાદ ધરાવી પવિત્ર ભાવે પૂજન-અર્ચન કરે છે. આ ઉત્સવમાં તમામ ભક્તો માતાજીની ભક્તિ સાથે ઉત્સાહભેર શેરી ગરબા રમીને આરાધના કરી રહ્યા છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ઓડ શહેરમાં વિજયાદશમી પર્વે રાઓલજી પરિવાર દ્વારા ભવ્ય સામૂહિક શસ્ત્ર પૂજન કરાયું



**આણંદ |** ઓડ શહેરમાં દશેરાના પાવન પર્વે કલેશ્વરી માતાના મંદિર પરિસરમાં રાઓલજી પરિવારના નેજા હેઠળ ભવ્ય સામૂહિક શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્વાન બ્રાહ્મણ જીગર જાની દ્વારા વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરાયું, જેમાં સમાજના આગેવાનો, વડીલો અને મોટી સંખ્યામાં યુવાનો ઉત્સાહભેર જોડાયા હતા. આ પવિત્ર અને ગૌરવપૂર્ણ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઓડ નગરપાલિકાના ઉપપ્રમુખ કેતનસિંહ રાઓલજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કલેશ્વરી ધામમાં ક્ષત્રિય સંસ્કૃતિના રાજપૂતી ગૌરવ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં સમાજની એકતા, પરંપરા અને શૌર્યનો સુંદર સંગમ જોવા મળ્યો હતો.

### સંતરામપુરના આંજણવા ગામે મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા વીજ જાગૃતિ શિબિર યોજાઈ



**સંતરામપુર |** આંજણવા ગામમાં મધ્ય ગુજરાત વીજ કંપનીના કાર્યપાલક ઈજનેર યુ. એ. સોલંકીના અધ્યક્ષસ્થાને વીજ ચોરી અટકાવવા અને નિયમિત બિલ ભરી બચત કરવા અંગે માર્ગદર્શન આપતો વીજ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ શિબિરમાં બીપીએલ અને રૂ. ૧.૫ લાખથી ઓછી આવક ધરાવતા પરિવારોને રાહત દરે વીજ જોડાણ તથા 'પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજના' નો લાભ લેવા જણાવાયું હતું. આ કાર્યક્રમમાં વીજ કંપનીના અધિકારીઓ, ગામના સરપંચ, ઉપસરપંચ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### કપડવંજમાં ગરીબો અને જરૂરિયાતમંદો માટે રાહત દરે ક્લિનિકનો પ્રારંભ કરાયો



**કપડવંજ |** શિકાગો સ્થિત શબ્બીરભાઈ બુરહાનવાલાના સહયોગથી કપડવંજના આઝાદ ચોક ખાતે જનાબ આમિલ સાહેબના હસ્તે 'સૈફી ક્લિનિક'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ક્લિનિકમાં કોઈપણ જાતના ભેદભાવ વિના દરેક વર્ગના દર્દીઓને રાહત દરે દવાઓ, ઈન્જેક્શન, લોહી-પેશાબ તેમજ સુગર-બીપીની તપાસની સુવિધા મળશે. આ ક્લિનિક દ્વારા વિનામૂલ્યે વિશેષ તબીબી કેમ્પ પણ યોજાશે. સોમવારથી શનિવાર દરમિયાન ડો. અભિષેક પારેખ દ્વારા પૂરી પાડવામાં આવતી આ સેવાઓ ગરીબ અને મધ્યમ વર્ગ માટે આશીર્વાદરૂપ બનશે.

### ચારુસેટ યુનિવર્સિટીમાં ૧૨૫ વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે ફાયર સેફ્ટી તાલીમ યોજાઈ



**આણંદ |** કરમસદ - આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા ચાંગા ચારુસેટ યુનિવર્સિટી ખાતે ૧૨૫ વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે સેફ્ટી અવેરનેસ ટ્રેનિંગનું આયોજન કરાયું હતું. સ્ટેશન ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચનાથી સબ ફાયર ઓફિસર વિશાલ સિંહ ડોડ, અબ્દુલ બથાણીયા અને ફાયરમેન પ્રવીણ પરમાર તથા અરબાઝ મલેકે તાલીમ પૂરી પાડી હતી. આ કાર્યક્રમ દરમિયાન પ્રાથમિક ધોરણે આગ બુઝાવવા, રક્ષણ મેળવવા તેમજ ફાયર અગ્નિશામક યંત્રના ઉપયોગ અંગે લાઈવ ડેમોન્સ્ટ્રેશન આપી સમજૂતી અપાઈ હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી કરમસદ આણંદ ફાયર બ્રિગેડ દ્વારા આ તાલીમ યોજવામાં આવી હતી.

### આણંદ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રને નોવા ઉદ્યોગ તરફથી ૧.૫૦ લાખનું પ્રોત્સાહક અનુદાન



**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત સી. સી. પટેલ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર (આણંદ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર)ને વિઠ્ઠલ ઉદ્યોગ નગરની 'નોવા ઉદ્યોગ' કંપનીના વિશાલ પટેલ અને મફતભાઈ પટેલ તરફથી રૂ. ૧,૫૦,૦૦૦નો ચેક અર્પણ કરાયો છે. લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરવામાં આવતી વિજ્ઞાન પ્રસારની ઉત્કૃષ્ટ પ્રવૃત્તિઓને બિરદાવવાના હેતુથી આ આર્થિક પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજનભાઈ પટેલે હર્ષ વ્યક્ત કરતા જણાવ્યું કે આ સહયોગથી યુવાનોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવાની પ્રવૃત્તિઓને વધુ વેગ મળશે.

### આણંદની એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજના એનસીસી કેડેટની રાષ્ટ્રીય કક્ષાના કેમ્પમાં પસંદગી



**આણંદ |** સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદના એનસીસી કેડેટ સીએસએમ જયદીપ ચૌહાણની જેસલમેર ખાતે યોજાયેલા 'સ્પેશિયલ નેશનલ ઇન્ટિગ્રેશન કેમ્પ' માટે પસંદગી થઈ હતી. દેશભરના ૧૭ ડિરેક્ટોરેટના ૩૦૦ કેડેટ્સમાંથી ગુજરાત ડિરેક્ટોરેટના પસંદ થયેલા માત્ર ૧૩ કેડેટ્સમાં સ્થાન મેળવી તેમણે આણંદ જિલ્લા અને કોલેજનું નામ રોશન કર્યું છે. આ રાષ્ટ્રીય કેમ્પ દરમિયાન સાંસ્કૃતિક પ્રદર્શન વિભાગમાં ગુજરાત ડિરેક્ટોરેટે ઉત્કૃષ્ટ કામગીરી કરીને 'Best Compliment Medal' પ્રાપ્ત કર્યો હતો.

### કેડીસીસી બેંક દ્વારા 'ટીબી મુક્ત ખેડા અભિયાન' હેઠળ 300 પોષણ સહાય કીટનું વિતરણ કરાયું



**નડિયાદ |** ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેંટ્રલ કો-ઓપરેટિવ બેંક દ્વારા પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અન્વયે જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી નડિયાદ ખાતે ૩૦૦ પોષણ સહાય કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગરિમામય પ્રસંગે ખેડાના સાંસદ દેવુંસિંહ ચૌહાણ, કલેક્ટર એન. વી. ઉપાધ્યાય તથા બેંકના ચેરમેન ડો. તેજસકુમાર બી. પટેલ સહિતના અગ્રણીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કલેક્ટરે ક્ષયગ્રસ્ત દર્દીઓને સ્વાસ્થ્ય સુધાર માટે આ કીટનો સ્વયં ઉપયોગ કરવા ટકોર કરી હતી તથા આગામી ૬ માસ સુધી કીટ વિતરણ ચાલુ રાખવા બદલ બેંકનો આભાર વ્યક્ત કર્યો હતો.

### આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ, ખેતીવાડી ખાતે વિદાય સન્માન સમારંભ યોજાયો




**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ, ખેતીવાડી, આણંદ ખાતે સુપરવાઈઝર બચુભાઈ ડામોરની વયનિવૃત્તિ નિમિત્તે વિદાય સન્માન સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભૂતપૂર્વ શિક્ષક જયંતીભાઈ બ્રહ્મભટ્ટ તથા અતિથિ વિશેષ તરીકે ભૂતપૂર્વ આચાર્ય વિપિનભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભ દરમિયાન વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ બચુભાઈની કાર્યનિષ્ઠા, સહકારભાવ અને સૌહાર્દપૂર્ણ વ્યક્તિત્વને બિરદાવતા સંસ્મરણો વાગોળ્યા હતા. આચાર્ય યોગેશભાઈ પટેલે તેમને સુખમય નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા મન્કોલ ગામમાં પ્રાકૃતિક ખેતી પરિસંવાદ યોજ્યો



**આણંદ |** સાણંદ તાલુકાના મન્કોલ ગામે આયોજિત પ્રાકૃતિક ખેતી પરિસંવાદમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ દ્વારા ખેડૂતોના માર્ગદર્શન અર્થે પ્રદર્શન સ્ટોલ ઊભો કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન ગુજરાતના મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આ પ્રદર્શન સ્ટોલની વિશેષ મુલાકાત લીધી હતી. આ સ્ટોલમાં ખેડૂતો માટે બિનપિયત ઘઉં, ચણા, સુવા અને ખારાશવાળી જમીન માટે અનુકૂળ વિવિધ પાકોની સુધારેલી જાતો પ્રદર્શિત કરાઈ હતી.